## ક. ૫૩. કારોબારી સમિતિ :

(૧) દરેક નગરપાલિકામાં નગરપાલિકા નક્કી કરે તેવા બાર કરતાં વધારે નહિ તેમજ છ કરતાં ઓછા નહિ તેટલા અને કલમ ૨૭૧ના ખંડ-ક અન્વયે ઘડેલા નિયમો અનુસાર નગરપાલિકાએ ચૂંટેલા સભ્યોની બનેલી કારોબારી સમિતિ તરીકે ઓળખાતી એક સમિતિ રહેશે. તે રીતે ચૂંટાયેલા સભ્યો એક વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે.

[1]પરંતુ ગુજરાત સ્થાનિક સત્તામંડળ (કાયદા) સુધારા) અધિનિયમ, ૨૦૧૫ના આરંભની તારીખ પછી યોજાયેલ સામાન્ય ચૂંટણીથી રચવામાં આવેલી કારોબારી સમિતિની મુદત અઢી વર્ષની રહેશે.

[1](૨) સભ્યો, ફેર-નિમણૂક માટે પાત્ર રહેશે.

(૨) **કારોબારી સમિતિની સત્તા :** કારોબારી સમિતિ આ અધિનિયન અન્વયે પોતાને સોંપેલા કાર્યો.

---

**૧. સન ૨૦૧૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૫થી ઉમેરેલ છે**

Scanned with CamScanner

૬૯

બજાવશે અને ખાસ કરીને આ અર્થે નગરપાલિકાએ અથવા સામાન્યતઃ કલમ ૨૭૧ના ખંડ A-(ક) અન્વયે કરેલા નિયમોથી ઠરાવેલી કોઈ મર્યાદાને અને કલમ ૪૯, ૫૪ અને ૫૫ની જોગવાઈઓને આધીન રહીને, નગરપાલિકાની તમામ સત્તા વાપરશે.

## વિવરણ

(૧) અમદાવાદ મ્યુ. જ્યારે બરો મ્યુ. હતી ત્યારે તેને કે તેવી બરો મ્યુ.ઓની સ્ટેન્ડીંગ કમિટીઓને મળેલા અધિકારો બે ભાગમાં વહેંચી શકાય છે. એક તો કાયદાથી મળતા અધિકારો જ્યારે બીજા જેને 'રેસીડ્યુઅરી પાવર્સ' એટલે કે જે અંગે કોઈ રૂલ્સ થયા નથી તે અંગેના કાયદાની જોગવાઈઓને સુસંગત મળતા 'પાવર્સ'. હવે કલમ ૩૮થી સ્ટેન્ડીંગ કમિટીના અધિકારમાં જે ઉણપ ઊભી કરાય છે, ફેરફાર કરવામાં આવે છે કે સાબિત કરવામાં આવે છે કે તે કાર્યવાહી આવા 'રેસીડ્યુઅરી પાવર્સ' અંગે જ કરી શકાય ત્યારે તેને કાયદા અન્વયે જ અધિંકારો પ્રાપ્ત છે. એમ ગણવાનું છે. તેમાં તે કલમના આધારે તેના અધિકારોમાં કોઈ જ ચંચુપાત થઈ શકતા નથી. આથી સ્ટેન્ડીંગ કમિટીઓ ફરિયાદો દાખલ કરવા મંજૂરી આપી શકે છે. તેથી તે અધિકારમાં નવી કલમ ૩૮ કે તે રૂલ ૭૩ કોઈ અસર પાડી શકે નહિ. **(૫૧-બો.લૉ.રી. ૮૫૦)**

(૨) કલમો ૫૩, ૫૫(૨), ૨૭૧ અને ૨૭૯(૨)(ઙ) અને મુંબઈ જિલ્લા નગરપાલિકા અધિનિયમ, ૫૦૧, કલમો ૨૭, ૨૯ અને ૪૬ અને સન ૧૯૦૧ના અધિનિયમ હેઠળ ઘડેલા નિયમોના નિયમ ૫૩ કલમ ૫૩ અને ૫૫ હેઠળ ઘડેલ મ્યુનિ. સમિતિ, એક વર્ષ કરતાં ટૂંકી મુદત માટે કરી શકાય નહિ. તે સ્ટેચ્યુટરી બોડી છે, સત્તાની સોંપણી નથી. નિયમ ૫૩ નવા અધિનિયમની કલમ ૫૫ની રૂએ સંપૂર્ણ બને છે. **(૧૯(૧૯૭૩)** ગુ.લૉ.રી. ૯૭)

### ❑ ક. ૫૪. યાત્રાળુ સમિતિ :

(૧) ... નગરપાલિકામાં ચારે સભ્યો કે જેમાંનો એક સભ્ય ... (ક) અન્વયે કરેલા